# વસંત પર્વના દિવ્ય અનુદાનોને એકત્રિત, સાર્થક બનાવવા માટે તૈયાર થાવ

## યુગશક્તિ ઉત્સાહિત છે આપવા માટે, સંઘશક્તિ તત્પર થાય લેવા માટે

### નવો ઉત્સાહ-નવો સંચાર

લાગે છે આ વખતે વસંતનો પ્રવાહ અમારી ઝોળીમાં કંઈ વિશેષ અનુદાન લઈને જ આવશે. કેમ?

કેમ કે આ વખતે અમારા નાના-મોટા સંગઠનોમાં કંઈક નવો જ ઉત્સાહ આવ્યો છે. એના બે સ્પષ્ટ પ્રમાણ દેખાઈ રહ્યા છે:-

**(૧) આયોજનોની સંખ્યા:-**સ્થાનીય સંગઠનોથી એ અપીલ કરવામાં આવી રહી છે કે પોતાના ક્ષેત્રમાં ઉંડું મંથન કરીને સ્થાનીક સમયદાની પણ તૈયાર કરે. આ વખતે કેન્દ્ર અને ક્ષેત્રીય સંયુક્ત પ્રયત્નોનું એ પરિણામ છે કે લગભગ પ્રત્યેક ન્યાય પંચાયત વિસ્તારમાં પાંચ કુંડી યજ્ઞ કરવાનું તંત્ર વિકસિત થઈ ગયું છે. આવા યજ્ઞોની સંખ્યા ૨૪૦૦૦નો આંકડો પાર કરી રહી છે. એના માટે ઓછો અથવા વધુ સમય આપનારા સમયદાનીઓને સ્થાનિક વિસ્તારમાંથી શોધીને તેમને તાલીમ આપીને જવાબદારી સોંપવામાં સફળતા મળી રહી છે.

સારા તાલમેળનું એક પ્રમાણ એ પણ છે કે તમામ આયોજનોના સમન્વયક કોઈને કોઈ રજીસ્ટ્રેશન થયેલી સંસ્થાની પ્રમાણિત રસીદોનો જ ઉપયોગ કરી રહ્યા છે. એનાથી સંગઠનની આર્થિક પ્રામાણિકતા તથા એના પ્રત્યે જનતાના વિશ્વાસમાં વધારો થયો છે. એનું પ્રમાણ આગામી દિવસોમાં જન-જનના ખુલ્લા સહયોગમાં વધવાના રૂપમાં સામે આવશે.

**(૨) યુગ સાહિત્યનો વિસ્તાર:-**યુગ સાહિત્યએ યુગ વિચારનો-વિચાર ક્રાંતિનું અત્યંત મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. આયોજકોથી એ આગ્રહ કરવામાં આવી રહ્યો છે કે યજ્ઞાયોજનોના બજેટનો એક ભાગ 'જ્ઞાનયજ્ઞ'-યુગ સાહિત્યના વિસ્તાર માટે પણ રાખવો જોઈએ. આ વખતે વિદ્યા વિસ્તાર સેટોની સ્થાપના અને યુગ સાહિત્યના મેળાના માધ્યમથી પરિજનોએ આ કાર્યને પ્રશંસનીય સ્તર પર ઉઠાવી લીધું છે.

ઉપરોક્ત બન્ને જ પ્રકરણોમાં સ્થાનીક પરિજનો-સંગઠિત શાખાઓએ આ જવાબદારીનો પરિચય આપવાનો શરૂ કરી દીધો છે, એનાથી ઋષિસત્તાની કસોટી પર એમનું મૂલ્યાંકન નિશ્ચિત રૂપે વધશે. આ મૂલ્યાંકનના આધાર પર યુગશક્તિના અનુદાનોનું સ્તર પણ વધશે. આપણી સામે હવે પ્રશ્ન એક જ છે કે શું આ અનુદાન વરસાદના પાણીની જેમ પુરમાં આમ જ વહી જશે અથવા આપણે તેને એકત્રિત કરીને શ્રેષ્ઠ પ્રયોજનોમાં ઉપયોગ કરી શકીશું?

### ચુકો નહીં, લાભ ઉઠાવો

વરસાદનું પાણી આપણી વર્ષભરની જરૂરિયાતોને પૂરી કરી શકે છે, શરત એક જ છે તેને આમ જ વહી જવા દેવામાં ન આવે. ખેતરોના સેઢાથી લઈને પોખરો, તળાવો, કુવા વગેરેનું નિર્માણ એના માટે જ કરવામાં આવે છે કે વરસાદનું પાણી એમાં એકઠુ થઈને ધરતીની અને પ્રાણીઓની તરસ છીપાવતી રહે. યુગશક્તિના અનુદાન વરસશે તો અવશ્ય, જો આપણે તેને એકત્રિત કરવા, સંભાળવા, ઉપયોગ કરવાની તૈયારી કરી લઈએ તો વાત બની જશે. આપણને ઈચ્છિત લક્ષ્ય સુધી પહોંચવા માટે શક્તિ-સાધનોની કમી નહીં પડે. આપણે પણ ગૌરવનો અનુભવ કરીએ અને ગુરુસત્તાની આંખો પણ આપણને લાભાન્વિત થતી જોઈને ચમકી ઉઠશે.

ગુરુદેવ કહેતા રહ્યા છે કે દિવ્ય અનુદાનોને કલ્પનાઓ-કામનાઓમાં બાંધી શકાતા નથી. એના માટે સત્સંકલ્પો અને સત્પ્રવૃત્તિઓનો વિસ્તાર આપવો પડે છે. આ પાત્રતા તથા પ્રમાણિકતાના આધાર પર અનુદાન મેળવી અને ઉપયોગ કરવામાં આવતો રહ્યો છે. એટલા માટે તેઓ વારંવાર આ વાસ્તવિકતા આપણને સૌને સમજાવતા રહ્યા છે કે 'કામનાઓ' ક્યારે પૂરી નથી થતી અને 'સંકલ્પ' ક્યારે અધૂરા નથી રહેતા.

તો કેવા હોવા જોઈએ આપણા સંકલ્પ અને શું હોવી જોઈએ આપણી પ્રવૃત્તિઓ, જેના સથવારે આપણે દિવ્ય અનુદાનોની વર્ષાનો સમગ્ર લાભ ઉઠાવી શકીએ?

આગામી સત્રમાં અમારો પ્રયત્ન એ હશે કે ન્યાય પંચાયતથી આગળ વધી આપણે પ્રત્યેક ગ્રામ પંચાયત સ્તર સુધી યુગ સંદેશ પહોંચાડવામાં સમર્થ થઈ શકીશું. એના માટે આપણે કંઈક આ પ્રકારના સંકલ્પ અત્યારે કરવા પડશે:-

➤પ્રત્યેક યજ્ઞાયોજનની સાથે જોડાયેલ સ્ત્રી-પુરુષોમાંથી આપણે ઓછામાં ઓછા કેટલાને ઉપાસના, જીવન સાધના અને લોક આરાધના સાથે જોડી દઈશું? એનો ક્રમશઃ વિકાસ માટે એમનો નિયમિત સંપર્ક બનાવી તથા પ્રેરણા, પ્રોત્સાહન, સહયોગ આપતા રહેવાનું તંત્ર અવશ્ય વિકસિત કરીશું. એમના સહયોગથી આપણે ન્યાય પંચાયતોથી કેટલા વધારે ગ્રામ પંચાયતો સુધી પોતાની પહોંચ ઉભી કરી શકીશું.

➤**યુગ સાહિત્યઃ-**મિશનની પત્રિકાઓ તથા વિદ્યા વિસ્તાર સેટોની સ્થાપનાના માધ્યમથી જે ભાઈ-બહેન જોડાયેલા છે, તેમને સ્વાધ્યાય માટે પ્રેરિત કરી, એમની સાથે વારંવાર ચર્ચા સત્સંગ કરી એમની અંદર વિચાર ક્રાંતિના બીજોને સ્થાપિત કરવા, તેને અંકુરિત, પલ્લવિત, ફલિત કરવા-કરાવવાની સાધનામાં આપણામાંથી કેટલા લોકો લાગશે? એના માટે આપણા અધ્યયન તથા લોક વ્યવહારને કેટલો પ્રભાવશાળી બનાવીશું?

➤આપણી પ્રવૃત્તિઓમાં એવું પરિવર્તન આવે કે આપણે પ્રચાર-પ્રસારના પ્રમાણમાં વ્યક્તિ નિર્માણ જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓને વધારે મહત્ત્વ આપવા લાગીએ. આપણે યુગઋષિના પ્રચાર સહાયકથી આગળ વધીને એના સર્જન સહયોગી બનવામાં સમર્થ થઈ શકીએ.

અગર આપણે ઉપરોક્ત સંકલ્પોને ઠીક સ્વરૂપ આપી શકીએ તો દિવ્ય અનુદાનોની વર્ષાનો સમગ્ર લાભ અવશ્ય ઉઠાવી શકવાની આપણી પાત્રતા નિશ્ચિત રૂપથી વધશે.

### પાત્રતાનો આકાર અને સંસ્કાર

પાત્રતાના વિકાસની સાધનામાં આપણે એનો આકાર અને સંસ્કાર, બન્ને પર ધ્યાન આપવું પડશે. આકારના વિષયમાં તો ઘણાખરાની દૃષ્ટિ સાફ હોય છે; જેટલું મોટું પાત્ર હશે, એટલું જ આપણે મેળવી શકીશું. સંત તુલસીદાસજીએ ઠીક લખ્યું છે-

*कर्म कमण्डल कर गहे, तुलसी जहाँ लग जाय।*
*सरिता, सागर, कूप जल बूँद न अधिक समाय॥*

પૂજ્ય ગુરુદેવના ઉદાહરણ પણ એના સંદર્ભમાં ધ્યાન આપવા યોગ્ય છે. તેઓ કહે છે કે કોઈ ઉદારદાતા મોટો ટોપલો ભરીને આપણને અનાજ આપવા આવે અને આપણે એની સામે હાથરૂમાલ પાથરીને કહીએ કે લાવો બધુ આપી દો, તો શું તે આપી શકશે? અગર મોટી ચાદર પાથરી દેશો, તો તે જરૂર આખો ટોપલો ખાલી કરી નાખશે. આથી પાત્રતાનો આકાર તો વધવો જ જોઈએ, પરંતુ વાત અહીં પૂરી થઈ જતી નથી, એના સંસ્કાર પણ બરાબર હોવા જોઈએ. આ વાતને ઓછા લોકો જ ધ્યાનમાં રાખી શકે છે. એને એમ સમજો કે:-

➤આપણે પાણીનું મોટું વાસણ લઈ આવ્યા, પરંતુ એમાં કાણું અથવા તિરાડ પડી હોય તો પાણી એમાં ટકશે ખરુ? સારુ તો એ છે કે વાસણ ભલે નાનું લાવો, પરંતુ સારું અને ચોખ્ખું લાવો. એમાં કાણું અથવા તિરાડ ન હોય.

➤અગર વાસણ માટીનું છે, એમાં કાણું પણ નથી, પરંતુ એ પાકેલું નથી તો એમાં પાણી નાખવાથી શું થશે? અગર આપણે તેને પાકેલું દેખાડવા માટે રંગીને લાવ્યા હોય તો પણ શું થવાનું છે?

➤અગર પાણીની જગ્યાએ તેજાબ લેવો હોય અને આપણે જસતનું અખંડિત વાસણ લઈને પહોંચી જઈએ, તો શું એ તેજાબને સુરક્ષિત રાખી શકશે? તેજાબથી તે ઓગળી જશે અને બધો તેજાબ વહી જશે.

આથી આપણા સંકલ્પોનો આકાર વધે એ તો સારું છે, પરંતુ તેનાથી પણ વધારે જરૂરી એ છે કે એના સંસ્કાર પણ સારા હોય. બંન્નેનો તાલમેળ બેસતો રહેશે તો વાત બની જશે. પૂજ્ય ગુરુદેવે વારંવાર ''પાત્રતા અને પ્રમાણિકતા''ની વાત કહી છે. એમાં પાત્રતાથી એનો આકાર અને પ્રમાણિકતાથી એના સંસ્કાર સારા હોવાનો આશય સમજવો જોઈએ. બંન્નેનું સ્તર વધારવા માટે કમર કસવી જોઈએ.

### સ્તર વધતું રહે

એ સાચું છે કે આપણે બીજા અર્થમાં પોતાની પાત્રતા સાબિત કરી છે અને એના આધાર પર વરદાન પણ મેળવ્યા છે. એવું ન હોત તો આટલા ઓછા સાધનોમાં આપણા આયોજનો કેવી રીતે કીર્તિમાન સ્થાપિ શક્યા હોત? આપણે જે કર્યુ એ સંતોષપ્રદ કહી શકાય છે, પરંતુ હજુ જે કરવાનું છે, તે પહેલાંની અપેક્ષાએ વધારે શાનદાર છે, ઉચ્ચ સ્તરીય છે. ઉચ્ચ સ્તરીય કાર્ય માટે ઉચ્ચ સ્તરીય વરદાનોની વ્યવસ્થા તો ઋષિસત્તા કરશે, પરંતુ તેને મેળવવા તથા ઉપયોગ કરવાની ઉચ્ચ સ્તરીય પાત્રતા-પ્રામાણિકતા તો આપણે વ્યક્તિગત સ્તર પર અને સંગઠિત શાખાઓના સ્તર પર પણ વિકસિત કરવી જ પડશે.

સંકલ્પોનો આકાર વધારવાનો ઉત્સાહ તો ઘણા બધામાં ઉમટે છે, પરંતુ સંસ્કાર વધારવાનો ઉત્સાહ પણ પેદા થવો જોઈએ. કેવળ આકાર વધારવાથી સામયિક રૂપે થોડી વાહવાહી મળી પણ શકે છે, પરંતુ સંસ્કાર વધારવાથી જ કાયમી શ્રેય-સંતોષની પ્રગતિ સંભવ છે. આથી આકારની સાથે સંસ્કાર પણ વધતા રહે, એ વાત ધ્યાન રાખવાની છે.

પ્રત્યેક સફળતાની સાથે પ્રસન્નતા અનુભવ થઈ શકે છે; અને હોવી પણ જોઈએ. પરંતુ એ પણ ધ્યાન રહે કે પ્રત્યેક સફળતા પછી આગામી ચરણની પરીક્ષા પાર કરવાનો પડકાર પણ સામે આવી જાય છે. એટલા માટે દરેક સફળતા પછી કાર્ય-સાધનાનું સ્તર પણ વધે છે. એના માટે અપેક્ષાકૃત ઉચ્ચ સ્તરીય વરદાનોની જરૂરત પણ હોય છે. એને મેળવવા માટે પાત્રતાને પણ પહેલાં કરતા વધારે ઉચ્ચ સ્તરીય બનાવવાની હોય છે. એટલા માટે ઋષિસત્તા, ગુરુસત્તા સહાયતા તો કરે છે, પરંતુ તેને મેળવવાનો સંકલ્પ અને પુરુષાર્થ તો સાધકોએ જ કરવાનો હોય છે.

આ વસંત પર્વ પોતાની સાથે સમયની અનુરૂપ શ્રેષ્ઠ વરદાન લઈને આવ્યું છે. આપણે પોતાના સંકલ્પોને એના માટે મજબૂત કરીએ.

### કંઈક આમ વિચારો અને કરો

આપણે એ ભાગ્યશાળીઓમાંથી છીએ, જેને યુગસર્જનની આ મહત્ત્વપૂર્ણ વેળામાં કંઈક કરવા માટે પસંદ કરવામાં આવ્યા છે. આ પસંદગીની પાછળ આપણા પાછલા જન્મ અથવા કર્મોનું પુણ્ય પણ રહ્યું હશે. એ પુણ્ય આપણને આપણી તપ સાધના અને ગુરુકૃપાના સંયોગથી પ્રાપ્ત થયું છે. આપણે પોતાના તપ અને એને ગુરુના અનુગ્રહને આમ જ નકામું નથી જવા દેવાનું. પરીક્ષાની કસોટી પર પહેલાંથી વધારે સાચું સાબિત કરવું પડશે.

➤આપણા સંકલ્પોમાં પ્રચારાત્મક લક્ષ્યની સાથે સર્જનાત્મક લક્ષ્ય સામેલ હોવું જોઈએ.

➤વ્યક્તિગત સ્તર પર ઉંડુ ચિંતન કરો કે આપણી સમજદારીનું સ્તર કેમ વધી રહ્યું નથી? આપણે પરિસ્થિતિઓના બહાના બનાવીને કેમ રોકાઈ જઈએ છીએ? આ પરિસ્થિતિઓમાં શ્રેષ્ઠ કંઈ કરવાની સમજ આપણી અંદર કેમ આવતી નથી? આપણે બાળકોની જેમ પરિસ્થિતિઓની અનુકૂળતાની કામના લઈને કેમ બેઠા છીએ? પોતાની પ્રચંડ મનોભૂમિથી પરિસ્થિતિઓને બદલવાનો ઉત્સાહ આપણામાં કેમ આવતો નથી?

➤આપણી આસપાસ, ગુરુકાર્યમાં રૂચિ રાખવાવાળા કેટલા લોકો છે? આપણે એમનો ઉત્સાહ અને કૌશલ્યને વધારવા માટે શું સારુ કરી શકીએ છીએ? આપણે લોકોના દોષોને જ મહત્ત્વ આપી કેમ અટકી જઈએ છીએ, એના ગુણોને ઓળખીને એનો સદુપયોગ કરી લેવાનું કૌશલ્ય આપણી અંદર કેમ આવતું નથી?

➤સામૂહિક રૂપે વિચાર કરીએ કે આપણે એક-બીજાના ગુણોનું મૂલ્યાંકન અને વિકાસ કરીને, તેમને એકજુથ કરી દુર્ગાશક્તિની એક મજબૂત શાખા કેવી રીતે પેદા કરી શકીએ. એના દ્વારા આપણે વ્યક્તિગત ખામીઓની પૂર્તિ કરી આગળ વધતા રહી શકીશું.

➤સમજદારીથી પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરો, અવસરના મહત્ત્વને ઓળખો અને ઈમાનદારીથી પોતાની શક્તિઓનો વિકાસ અને સુનિયોજનની યોજના બનાવો. જે કાર્ય સામે છે, તેને જવાબદારીની સાથે હાથમાં લેવા અને બહાદુરીની સાથે પૂરૂ કરવાનો સંકલ્પ લો.

➤પરિસ્થિતિઓને ઠીક કરવાની બહાદુરીની સાથે પોતાની મનઃસ્થિતિઓનો દોષ ઓળખી, સ્વીકાર કરી તેને દૂર કરવાની બહાદુરી પણ વિકસિત કરવી પડશે.

➤આ પ્રકાર વિચાર અને કાર્યોની શૃંખલા આગળ વધારવાનો પ્રયત્ન શરૂ થતાં જ યુગશક્તિના શ્રેષ્ઠતમ વરદાનોનો સંચાર શરૂ થઈ જશે.

આવો! આપણે સૌ ચુકીએ નહીં, અવસરનો પૂરે-પૂરો લાભ ઉઠાવીએ અને જીવન ધન્ય બનાવીએ. ●